નમસ્કાર ગાંધીનગર

પમરાટ

લાગે છે તેથી ભાર ને ધીમો પ્રવાસ છે, ઓ જિંદગાની તારા હજારો લિબાસ છે.
બે ચાર શ્વાસ લેવાના ત્યાં શું પસંદગી? અમને તો જે જગતની હવા હો એ રાસ છે.
આવો નહીં નજીક મગર દૂર તો રહો, મૃગજળને પી શકું છું હવે એવી પ્યાસ છે.
જો જો તમે કે એ જ થવાનું ફરી ફરી, હમણાં ભલે કહું છું આ આખર પ્રયાસ છે.
સિદ્ધિ મળી જ્યાં એક ત્યાં લાખો દિશા ખૂલી, કોને ખબર કે મારો ક્યાં સુધી વિકાસ છે !
આવો તમે કે મારા નયનને જીવન મળે, દર્શન તમારા એ જ તો આંખોના શ્વાસ છે.
લાગે છે તે વખત મને એકાંતની કદર જ્યારે હું જોઉં છું કે બધા આસપાસ છે.
એ તો મળી ગયાં હવે સાચવવાં જોઈએ, મંઝિલ છે હાથમાં છતાં ચાલુ પ્રવાસ છે.

- મરીઝ

પાથેય

જિંદગીના હજારો લિબાસ...

જગતમાં બ્રહ્મ એ જ સત્ય છે.બાકી બધું મિથ્યા ગણાય છે.આપણને કોઈ પૂછે કે કેમ છો ? તો સામાન્ય રીતે સહુ કોઈનો જવાબ એક જ હોય છે કે મજામાં !હકિકતમાં આ એક સર્વવ્યાપક જૂઠાણું છે..દરેકના મનની વાત કંઈક અલગ જ હોય છે..જે દેખાય છે એવું હકિકતમાં હોતું નથી..ડુંગરા દૂરથી રળિયામણા કહેવાય છે..નજીક જઈએ ત્યારે ભ્રમનિરસન થઈ જતું હોય છે.આપણે બધા એક દસ્તૂર મૂજબ જીવીએ છીએ..જેમ નોકરી ધંધા કે વ્યવસાયનો એક પ્રોટોકોલ હોય છે,એમ જ જિંદગીનો પણ એક પ્રોટોકોલ હોય છે..અમુક રીતે જ બોલવું..અમુક પ્રસંગે વાતચીતની પણ એક અલગ રીતભાત હોય..આપણે એમાં પાર પડીએ તો સફળતા લાગે.પરંતુ એમાં સાર્થકતા નથી હોતી..જિંદગી સરસ જીવાય છે એવું કહેવામાં છળ હોઈ શકે..એક વહેમ હોઈ શકે..ઘણીવાર તો એ વહેમ એવી મોહજાળ ધરાવતો હોય છે કે એ વહેમ છે એવો વહેમ પણ ના જાય !

આખી જિંદગી આપણે જીવતા રહીએ.એના પટ ઉપર અનેક પગલાં પાડતા રહીએ છીએ..ઘણા કહે છે કે જીવીએ ત્યાં સુધીના જ આ બધા ધખારા ! આપ મૂઆ પીછે ડૂબ ગઈ દુનિયા..મોત એ પૂર્ણવિરામ છે..માણસ એ અંતિમ ઉપર પહોંચે એટલે જાણે એનો હિસાબકિતાબ બંધ..! પરંતુ એવું હોતું નથી..મર્યા પછી પણ માણસનાં લેખાંજોખાં જગત કરતું જ રહે છે..આપણાં પગલાંની છાપ મૃત્યુ નામના પોતાથી ભૂંસાઈ જશે એવા ભ્રમમાં રહેવા જેવું નથી..એટલે મોત એ અંતિમ પડાવ હોઈ શકે પણ આખરી વિરામ નથી !

આપણી ઉપલબ્ધિઓ કે આપણી સિધ્ધિઓ આપણને બહેલાવે છે .જગતમાં વસતા તમામ પ્રદેશના લોકોને પોતાની સંસ્કૃતિ કે પોતાના રીતરિવાજો જ ઉત્તમ લાગે છે..આ બધું ત્યાં સુધી જ ચાલે જયાં સુધી માણસ બંધિયાર બનીને રહેતો હોય..એ જયારે જગતની અન્ય સભ્યતાઓ સાથે પરિચયમાં આવે કે નવી જગ્યાઓએ ફરતો થાય ત્યારે જ એને જગતની વ્યાપકતાનો સાચો ખયાલ આવે છે.આપણા જેવું ક્યાંય નથી એ એક મોટો વહેમ છે..આપણે જ શ્રેષ્ઠ અને આપણા સંસ્કાર અને આપણી દુનિયા જ ઉત્તમ એ એક મિથ્યા પ્રલાપ જેવું બની રહે છે.જગત કેવળ સત્ય ઉપર ચાલે છે અને એ સત્યને પામવા માટે આપણે બહુઆયામી થવું પડે છે..સત્યની આસપાસ અનેક વહેમ ઘેરાયેલા છે..એ બધાની વચ્ચેથી સત્ય શોધવાનું કામ ઘાસની ગંજી નીચેથી નાનકડી સોય શોધવા જવું છે !

દુનિયામાં અપાર વૈવિધ્ય છે..અહીં દરેક ચીજ આગવી છે..દરેક માણસનો ચહેરો અલગ છે..એની હસ્તરેખાઓ અલગઅલગ છે.પર્યાયવાચી શબ્દો હોઈ શકે પરંતુ પર્યાયવાચી માણસ કે પદારથ ના હોઈ શકે..દરેકનું આગવું સ્થાન અને જરૂરિયાત હોય છે..એકનો વિકલ્પ બીજો હોઈ શકે એ એક વ્યવસ્થા કે સમજણનો વિષય છે..જયારે એકની જગ્યાએ અન્ય કોઈ પર્યાય છે એવું કહીએ ત્યારે એ સત્ય હોતું નથી..આમ જોઈએ તો જગતનું આ સત્ય છે પણ માણસ માટે એ ખુમારી પણ છે..આપણે બધાથી અલગ છીએ..આપણા જેવું બીજું કોઈ હોઈ શકે નહીં કે આપણી નકલ કોઈ કરી શકે નહીં એ વાત રોમાંચકારી ગણાય..ઘણા લોકો અન્યનો પર્યાય હોવાના વહેમમાં પણ જીવતા હોય છે..વહેમનું એ પણ એક આગવું સ્વરૂપ ગણી શકાય..!

અતરંગી... અવ્વલ...એકમેવ.. : કિશોર ...!

એક મિત્રની ભલામણ પર એના મિત્ર એવા ઈન્ટિરિયર ડિઝાઈનરને મળવા એ તૈયાર થયેલા પણ પછી સમજાઈ ગયું કે આમાં કાઈ બહુ દમ નથી એટલે એમણે કહ્યું કે મારે એક એવું ઘર બનાવવું છે જેના દરેક રૂમમાં પાણી જ પાણી હોય. મારા બેડરૂમમાં પલંગ પાસે એક હોડી હોય ને હું એમાં બેસીને ડાઈનિંગ રૂમ સુધી જાવ..મારા મહેમાનોને હું હોડીમાં ચા-નાસ્તો પીરસું !!! પેલો ડિઝાઈનર તો ભોચક્કો રહી ગયો પણ આવી અજીબોગરીબ હરકતો કરનાર બીજું કોઈ નહીં પણ સદીના શ્રેષ્ઠ ગાયક કિશોરકુમાર હતા..!!!! જી હા, અતરંગી અને આવા ઓલમોસ્ટ પાગલ કહી શકાય એવા કિસ્સાઓના જનક એવા કરોડો દિલોની ધડકન કિશોરદાનો જન્મદિવસ બે દિવસ પહેલા જ ગયો. આવા કિસ્સાઓ જ શુકામ કિશોરકુમાર તો ગાયકીમાં પણ આવું જ પાગલપન કરી લેતા હતા અને એટલે જ કદાચ આજે જો જીવતા હોત તો ૯૪ મો જન્મદિવસ ઊજવતાં હોત એવા મારા ને તમારા પસંદીદા ગાયક કિશોરકુમાર રેર કહી શકાય એવી રીતે ગાયકીની સાથે સાથે અભિનય અને ફિલ્મ મેકિંગમાં પણ અવ્વલ હતા. શરારતી સ્વભાવવાળા કિશોર જ્યારે માઈકની સામે આવે ત્યારે એક અલગ જ કિશોર બની જતાં અને કદાચ એટલે જ લીજેન્ડ લતાજી અને આશા ભોંસલે હમેશા કહેતા કે અમારા ફેવરિટ ગાયક કિશોરકુમાર છે કેમકે એ કોઈપણ પ્રકારના ગીતને એટલી આસાનીથી ગાઈ છે કે આપણને પણ નવાઈ લાગે કે શરારતી સ્વભાવના આ ઈન્સાનના કંઠમાં ભગવાને કેટલી ઉમદા કારીગરી આપી છે. જો કે કિશોર હમેશા લત્તાને માન આપતા અને એટલે જ કોઈપણ ડયુએટ ગીત ગાવા માટે કિશોર લત્તા કરતાં એક રૂપિયો ઓછી ફી લેતા હતા.

કિશોરકુમાર ગાયક, એક્ટર, નિર્માતા, નિર્દેશક, સંગીતકાર, લેખક એવા વિવિધ અને બહુઆયામી ખૂબીઓના ધની હતા એ તો સહુ જાણે છે પણ કિશોર સ્ત્રીના અવાજમાં પણ ગીત ગાઈ શકતા હતા અને એમણે ૧૯૬૨ ની હિટ ફિલ્મ ' હાફ ટિકિટ ' ના ' આકે સીધી લગી દિલ પે જૈસી ' માં ઓરિજનલી લતા ગાવાના હતા એ ભાગ એમની અનુપસ્થિતિમાં પોતે જ ગાઈને કમાલ કરી પણ બતાવેલો..!!! એક ઈન્સાનમાં આટલી બધી ખૂબી ક્યાંથી મળે ? અને કદાચ એટલે જ કિશોર પોતાની આ ખૂબીઓ માટે સભાન હતા અને એનો સસ્તામાં કોઈ ઉપયોગ ના કરી જાય એટલા માટે સાવચેત પણ. અને એટલે જ કિશોર એડવાંન્સ પેમેન્ટ વગર ગીત નહોતા ગાતા કે એક્ટિંગ નહોતા કરતાં. એકવાર એક નિર્માતા એ અર્ધા પૈસા આપ્યા ને કહ્યું કે અર્ધા ફિલ્મ પૂરી થાય પછી તો કિશોર બીજે દિવસે સેટ પર અર્ધી મૂછો લગાડીને અર્ધા મેકઅપમાં આવ્યા. નિર્માતા સમજી ગયો ને ફૂલ પેમેન્ટ આપી દીધું. એકવાર થયું એવું કે કોઈ બંગાળીએ એમનો સ્ટેજ પ્રોગ્રામ કરેલો પણ પૈસા નહીં આપેલ તો કીશોરે વૉચમેનને કહી દીધેલું કે કોઈપણ બંગાળીને ઘૂસવા ના દેતો, હવે થયું એવું કે કોઈ ફિલ્મ માટે ઋષિકેશ મુખર્જી એમના ઘરે મળવા ગયા તો ચોકીદારે તો બંગાળી છે એમ જાણીને ઋશીદા ને ભગાડી મૂકેલા..!!! ઈંક્રમટેક્ષના ઓફિસરો પાછળ કુતરા છોડી મૂકેલા એ કિસ્સો તો બધા જાણે જ છે પણ કેટલાને ખબર છે કે અસલમાં કીશોરે એના બંગલાના દરવાજે બોર્ડ જ મરાવેલું કે ' કિશોર સે સાવધાન '..!!!!!!

એમના જમાનાના મહાન ગાયક કે. એલ. સાયગલના ફેન કિશોરને એમની જેમ ગાયક જ થવું હતું પણ ઓલરેડી એક્ટર એવા મોટાભાઈ અશોકકુમારની ઈચ્છાથી ફિલ્મોમાં અભિનય શરૂ કરનાર કિશોરની પહેલી ફિલ્મ ૧૯૪૬ ની ' શિકારી ' હતી પણ ગાયક થવાની ઈચ્છા રાખનાર કિશોરને ગીત ગાવાનો મોકો મળ્યો દેવઆનંદની ૧૯૪૮માં આવેલી ફિલ્મ ' જિદ્દી ' થી અને એ પછી કીશોરે એટલીસ્ટ ગાયકીના ફિલ્ડમાં તો પાછું વળીને જોયું જ નહોતું. અને એ પણ કેવું કે એમના અવાજે ત્રણ સુપરસ્ટારની કેરિયર બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી અને આ ત્રણ સુપરસ્ટાર એટલે દેવઆનંદ, રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન. આ ત્રણેય કલાકારોના ગીતો કિશોરના અવાજ વગર કલ્પી જ ના શકો એટલી હદે કિશોરનો અવાજ એમના સ્ટારડમનો હિસ્સો બની ગયેલો. સંગીતની કોઈપણ પ્રકારની તાલીમ લીધા વગર ગાયકીના ક્ષેત્રમાં સીમાચિન્હ બનનાર કિશોરનો અવાજ નાનપણમાં બેસુરો હતો પણ એક અકસ્માતને લીધે સતત રડતાં રહેલા કિશોરનો અવાજ ધીમે ધીમે સુરીલો થતો ગયેલો. મન્નાડે જેવા દિગ્ગજએ પણ કબુલેલું કે કિશોર સાથે ગાવાનું હોય ત્યારે વધુ ચોક્કસ રહેવું પડતું તો બપ્પી લહરી જેવા નામી સંગીતકારે પણ કહેલું કે ગીતના રેકોર્ડીંગ વખતે જ કિશોર કહી દેતા કે આ ગીત હિટ જશે કે ફ્લોપ.. કદાચ એમને તાલીમ લીધા વગર જ ગાયનને જાણવાની કુદરતી બક્ષિશ મળેલી. પંડિત ભીમસેન જોશીએ ' કુછ તો લૉગ કહેંગે ' સાંભળ્યા પછી કહેલું કે સારું છે કે કિશોર શાસ્ત્રીય ગાયક નથી નહિતર અમારું તો આવી બનત એટલી હદે પરફેક્ટ રાગમાં ગાયું છે. કિશોરને કુદરતે એવા સુંદર અવાજથી નવાજેલા કે લગભગ દરેક હીરોના અવાજ સાથે એમનો અવાજ મેચ થઈ જતો પછી એ રાજેશ, અમિતાભ, દેવ જેવા જૂના જોગી હોય કે જેકી, અનિલ જેવા નવા..!!! કદાચ એનું એક કારણ એ પણ હતું કે કીશોરે ઘણી ફિલ્મોમાં એક્ટિંગ પણ કરેલી એટલે ગીત ગાતી વખતે શબ્દોને હીરોના હાવભાવ સાથે કલ્પી શકતા હતા અને કદાચ એટલે જ ' આરાધના ' ' જોની મેરા નામ ' જેવી ફિલ્મોના અલ્લડ ગીતો હોય કે ' આંધી ' ' અભિમાન ' ' કિનારા ' જેવી અનેકો ફિલ્મોના ગંભીર ગીતો સાંભળો ત્યારે એમ જ લાગ્યા કરે કે કિશોરનો અવાજ આ જ ગીતો માટે બન્યો છે. કિશોર જેટલી આસાનીથી ' પગ ઘૂંઘરું ' ગાઈ શકતા હતા એટલી જ આસાનીથી ' મૈ શાયર બદનામ ' પણ.. અને કદાચ એટલે જ કિશોર આજે પણ દરેક પેઢીનો પસંદીદા ગાયક છે.

પૈસા માટે એમનો પ્રેમ બધા જાણતા હતા પણ એ પ્રેમ માટે એ કહેતા કે મારી ટેલેન્ટને હું ક્યારેય મફતમાં નહીં વેચાવા કે ઉપયોગ કરવા દઉં અને એટલે જ પહેલા પેમેન્ટ પછી કામ એ એમનો નિયમ હતો. જો કે એમના પર્સનલ ફેવરિટ સત્યજીત રે ની ફિલ્મો માટે એમણે કોઈ ચાર્જ નહોતો લીધેલો બાકી તો ' પ્યાર કિયે જા ' માં મેહમૂદે એમનાથી વધુ ફી લીધેલી એ યાદ રાખીને કીશોરે ' પડોશન ' માં મેહમૂદથી ડબલ ફી વસૂલ કરીને હિસાબ સરભર કરેલો..!!! કીશોરે જીવતેજીવ તો અનેકો રેકોર્ડ બનાવેલ પણ મૃત્યુ પછી પણ એક અનોખો રેકોર્ડ કરતાં ગયેલા. વાત એમ છે કે ૧૯૮૭ માં એમના મૃત્યુના ત્રણ દિવસ પહેલા ' ખેલ તમાશા ' નામની ફિલ્મ માટે કીશોરે છેલ્લું ગીત રેકોર્ડ કરેલું, જો કે ફિલ્મ ક્યારેય રીલીઝ ના થઈ શકી પણ ૨૦૧૨માં એમના આ અનરીલીઝ સોંગ માટે થયેલી હરરાજીમાં ૧૫ લાખથી પણ વધુ કિમતે આ સોંગ વેચાયેલું જે કદાચ આજ સુધીનો રેકોર્ડ છે. કિશોરને મોટાભાગના પ્રશંશકો કદાચ એમને ગીતો માટે યાદ રાખતા હોય તો એ પણ જાણી લો કે પોતાની કેરિયરમાં કિશોર ૧-૨ નહીં પણ પૂરી ૮૧ ફિલ્મોમાં એક્ટિંગ કરી છે અને ૧૮ ફિલ્મોનું નિર્દેશન પણ. એકાંતના શોખીન અને ઇંટરવ્યૂ દેવાના વિરોધી એવા કિશોરને એક પત્રકારે પૂછેલું કે આટલા લોકપ્રિય હોવા છતાં તમને કોઈ ફિલ્મી પાર્ટીમાં જવા કરતાં એકલા રહેવું કેમ ગમે છે ? તો કિશોર એને બંગલાના બગીચામાં લઈ ગયેલા અને બગીચામાં ઊગેલા ઝાડ બતાવતા કહ્યું કે મે દરેક ઝાડનું નામ રાખેલ છે અને એ મારા મિત્રો છે, હું એમને નામથી બોલાવું છું અને એકાંતમાં અમે વાતો કરીએ છીએ..!!! પોતાના વતન ખંડવા ને છેલ્લી ઘડી સુધી યાદ કરનાર કિશોર હંમેશા કહેતા કે ' દૂધ જલેબી ખાયેંગે, ખંડવા મેં બસ જાયેંગે ' જો કે જીવતાજીવ તો એમની ઈચ્છા પૂરી ના થઈ પણ એમના મૃત્યુ પછી ખંડવામાં એમના અંતિમસંસ્કાર થયેલા એ જગ્યા પર બનેલા સ્મારક પર લોકો દૂધ-જલેબી જરૂર ચડાવવા આવે છે ...

- akurjt@gmail.com

વરઘોડો કે ગર્દભયાત્રા... શું કરીએ...

દુર્ગાના મનમાં બે પ્રવાહો ચાલી રહ્યા છે. એક તરફ વૈધવ્ય પછી આ રીતે પરણવાનો સાવ અજાણ્યો રોમાંચ એને પરેશાનીભર્યો આનંદ આપી રહ્યો છે. કોલોનીવાળાઓનો કારણ વગરનો ઉત્સાહ એને છાપામાં આવેલા કોઈ 'ક્રોસવર્ડ'ના અઘરા કોયડા જેવો લાગ્યા કરે છે. ચાર્મી અને આશા તો એને બાળપણથી ઓળખતી હોય એમ ફોન કર્યા કરે છે, આ બે જણને દુર્ગાની ખરીદીમાં શું કામ રસ પડે છે એ સમજાતું નથી. આવી પરગજુ સ્ત્રીઓને ક્યારેય સમય પસાર કરવાનો પ્રશ્ન થતો નથી. દુર્ગાને આ પ્રસંગને 'પાર પાડવામાં' લગ્ન કરવા કરતાં આ સોસાયટીવાળાઓની લપ પૂરી થાય એમાં રસ વધારે હતો.

પોતાનો પુત્ર આમ અધવચ્ચે પ્રસંગ છોડીને જતો રહ્યો એનું આર્થિક દુ:ખ અનુભવી રહેલા નાથાલાલને પેલા પ્રોફેસર જળાશંકર દુર્ગા વિશે કોઈ નવો ડેટા શોધી લાવે કે પૂછે એનો ભય રહ્યા કરતો. હમણાં છાપામાં ચંદ્રયાન ઉપર લખાયેલો એક લેખ વાંચીને નાથાલાલ જબરા વિચારે ચઢી ગયેલા. એમનું અળવિતળું મન એવું વિચારવા લાગેલું કે જો દુર્ગા પોતાના અક્ષરજ્ઞાનનો ઉપયોગ કરવા અને પેલી બે બધાના ત્રાસને ઓલવી નાંખવા માટે જો છાપું હાથમાં પકડે તો એને ચંદ્રયાનના સમાચારોથી 'હનીમૂન' ના વિચારો આવે જપ અને જો એમ થાય અને હનીમૂન માટે જવું જ પડે તો એનું અર્થતંત્ર ખોરવાઈ જાય. હમણાં વાંચ્યુ હતું કે કોઈ દેશના વડાપ્રધાને પોતે કર્મચારીઓને પગાર નથી કરી શકતો એ બાબતે એને ખૂબ જ લાગી આવ્યું હતું અને એ કારણે એને રાજીનામું આપી દીધેલ. આવી જ પરિસ્થિતિ પોતાની થશે એ વિચારે નાથાલાલ મુંઝવણ અનુભવી રહ્યા હતા. આ અગડંબગડં કોલોનીનો આર્થિક ભાર વરતાતો હતો, ત્યાં જો હનીમૂન જેવો ખર્ચો વધે તો નાથાલાલ નાથિયો થઈ જાય.

હવે, લગ્નનો દિવસ આવી ગયો હતો. આગલી સાંજે મગનલાલે મીટીંગ બોલાવી, જમવાનું હતું એટલે બધા આવ્યા. જમાનો બદલાયો છે, દરેક બાબતમાં 'ખવડાવવું' પડે છે. એક નવોદિત કવિને એમના કાવ્યસંગ્રહના વિમોચનમાં બધાને ખવડાવ્યું, (અહીં જમાડ્યું શબ્દ ભારે પડે એમ હતો), તો એમની કવિતાઓનું બાળમરણ થયું. આજકાલ કવિતા-કૉન્સ્ટીપેશન મટાડવાની ગોળીઓ શોધે છે.

જમણવાર સોસાયટીના કોમનપ્લોટમાં રાખ્યો. બધા આવ્યા એટલે નાથાલાલ ને એમ થયું કે એક પૂર્વસંધ્યાએ પ્રવચન આપવું જોઈએ. નાથાલાલની આ ભાષણલાલસા જોઈને બે પ્રોફેસરોને શંકા પડી કે આ માણસ લગ્નજીવનમાં ભારે સુખી થશે. પોતાની થનાર પત્નીનું વિશલીસ્ટ વાંચવાને બદલે આવી રીતે ઉપડેલી ભાષણભુખે નાથાલાલ ના લગ્નસમારંભ અને બાકીના પ્રસંગો અંગે ચિંતા અને ઉત્સાહની મિશ્ર લાગણીઓ વહેવા લાગી. નાથાલાલ માં પ્રગટેલી આવી માવઠા જેવી ઈચ્છા વિશે સૌ શાંત થઈ સાંભળવા લાગ્યાપ

"પોતાની જ સાળી સાથે પરણવા માણસમાં હિંમત અને સાહસ જોઈએ.. આજે મારા પ્રતાપી પુત્રની પ્રેરણાથી હું આ સાહસમાં જોડાયો છું." વીસ મિનિટ થયા પછી પણ નાથાલાલના ચહેરા પર થાક નહોતો. આ છેલ્લો મુદ્દો છે એવું કોઈ વાક્ય એમને સૂઝતું નહોતું. "ઘણા લોકો કજોડાં વિશે બોલેલખે છે, કજોડાં ક્યાં નથી ? પણ માણસને આવા પ્રસંગોમાં સજોડે જવાનો અભરખો હોય છેપ " પાંત્રીસમી મિનિટે એમણે કજોડાશાસ્ત્ર અને વિધવા વિવાહનો વિષય છેડ્યો. કલાક થયો ત્યારે મગનલાલ આજીજી કરતા હોય એમ બાજુમાં ઉભા હતા, જળાશંકર ડાયાબિટીસની ગોળી લીધી હતી એટલે ઘેર જઈને છોત્તેર ગ્રામ ગોળ ખાઈ આવ્યા. મહાખટપટિયા છગનલાલને પહેલી જ વાર પોતે અસહાય છે એવો ખ્યાલ આવ્યો.



નાથાલાલ તો બદલો લેવા કરતાં સોસાયટીવાળાઓને તાલીમ આપતાં હોય એવા ભાવથી સંસારની કડવી વાસ્તવિકતા સમજાવતા હતા. આમ લગ્નની પૂર્વસંધ્યાએ આઠ કિલોમીટર લાંબુ ભાષણ આપીને સોસાયટીના શ્રોતાઓને અધમૂઆ કરી દીધા પછી મગનલાલ ને પૂછ્યું "કાલે વરઘોડો કેટલા વાગ્યે કાઢીશું"... જે લોકોને બહુ ઉત્સાહ હતો કે નવા કપડા પહેરી મહાલવાની ઈચ્છા હતી એમણે બીજે જોવા માંડ્યું હતું. ફાઈનલી, વરઘોડો ચારસોને બાવીસ મીટર લાંબો રાખવાનું નક્કી થયું એટલે કે ભૌગોલિક રીતે સોસાયટીનો રસ્તો મેઈન રોડને મળે એ પહેલાં પાછા વળી જવાનું.. સોસાયટીના ડાહ્યા માણસોએ ખુબ વિચાર કર્યો કે મેઈન રોડ પર પહોંચ્યા પછી નાથાલાલ અને એમનો ઘોડો દુર્ગાને લઈને આગળ નીકળી જાય તો આપણે બધાએ ઓખાહરણ વાંચવું પડે. એના કરતાં સમયસર પાછા વળવું જ હિતમાં રહેશે. પહેલીવાર કોઈ ભાષણ થકી પોતે સમાજસુધારણા કરી રહ્યા છે એવું મિથ્યાભિમાન પ્રગટવા માંડ્યું. આ જોઈને દુર્ગાને પણ નાથાલાલ માટે અકાળે ગૌરવ વધવા માંડ્યું.

બીજા દિવસે સમય થતાં સાડાચારની આસપાસ ઘોડાવાળો ઘોડો લઈને આવી ગયો. ઘોડાને સરસ શણગારવામાં આવ્યો હતો. ઘણીવાર વર ઘોડા આગળ ઝાંખો પડતો હોય છે તો નાથાલાલ તો બીજવર હતા, ઝાંખા પડવા એમને કોઈ વિશેષ મહેનત કરવી પડે તેમ નહોતી. બારીમાંથી ઘોડાની સ્ફુર્તિ જોઈને દુર્ગા વિચાર કરવા લાગી. એણે એની બેત્રણ ડોશી જેવી સખીઓને આ વિષયમાં બુદ્ધિ ચલાવવાનું કહ્યું. પોતે ગઈકાલના ભાષણથી વિજયભાવ અનુભવતા હતા એવા નાથાલાલ ઘોડાના સ્ફૂર્તિલા કાન જોઈ પોતાની જાતને સંભાળવા લાગ્યા. એમને એમના એક જૂના શાળામિત્ર લલ્લુ લાભશંકરને પૂછ્યું, "ઘોડા કરતાં ગધેડો રાખીએ તો !!". મિત્રએ કહ્યું, "તો પણ એ જ સારો લાગશે".. નાથાલાલને સેમીડિપ્રેશન જેવું લાગ્યું, પણ યાદ આવ્યું કે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહેવું જોઈએપએમણે ઘોડાના શણગારમાં ઘટાડો અને પોતાના શણગારમાં વધારો કરવાની સૂચના આપી. અને સૌ તૈયાર થવા લાગ્યાપપ.

પ્રેમલગ્ન, યુવાપેઢી અને મુખ્યમંત્રી

હમણા બે ત્રણ દિવસથી ટી.વી. પર એક સમાચાર વહેતા થયા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેંદ્રભાઈ પટેલ દ્વારા ''લવમેરેજ એક્ટ'' નવો બની રહ્યો છે. જેમાં દરેક પ્રેમલગ્નોમાં માતાપિતાની સહમતિ અનિવાર્ય કરવામાં આવશે. પણ શું આ આજની યુવાપેઢી આવો કાયદો સ્વીકારશે ખરી? તો મિત્રો, આવો, આ બાબતે થોડું ઊંડાણથી વિચારીએ.

લગ્ન માટે પાત્રની પસંદગી એ દરેક સમજદાર પુખ્ત યુવાનોનો પોતાનો કાનૂની અધિકાર છે. પરંતુ એ કાનૂન બન્યાને હજી પુરી એક સદી પણ નથી થઈ. જ્યારે બીજો એક કાનૂન સદીઓથી બનેલો છે. જે આપણી સંસ્કૃતિ, સભ્યતા અને સંવેદનાનો છે ''માતાપિતા'' પ્રત્યે સંતાનોના કર્તવ્યનો, ફરજનો છે. જેને આ સોશિયલ મીડિયાના યુગમાં સૌ કોઈ ભૂલી રહ્યું છે. વળી દરેકના હાથમાં રહેલા મોબાઈલના કારણે આજે ભારતની મોટાભાગની યુવાપેઢી બરબાદીના પંથે તો છે જ... પણ છતાંય ક્યાંક હજીયે કંઈક આશા જીવંત છે કે હજી આ યુવાપેઢી મોહમાયાની દુનિયામાંથી પાછી વળીને કેરિયર બનાવવા ઉપર ધ્યાન આપશે.

મિત્રો, સૌથી પહેલા અત્યારની યુવાપેઢી સોશિયલ મીડિયાના સંપર્કોને પ્રેમ સમજવાની સૌથી મોટી ભૂલ કરી રહી છે. જે અત્યારે સીમા સચીન—હૈદર અને અંજુની કહાની ટી.વી. ઉપર આપણે જોઈ રહ્યા છીએ એનો દર્દનાક અંત પણ નજીકના ભવિષ્યમાં જ જોઈશું. આજે મોટા ભાગના યુવક યુવતિઓને ગર્લફ્રેન્ડ-બૉયફ્રેન્ડ હશે. અને એમાંથી મોટાભાગના લગ્નનું પણ વિચારતા હશે. અને એમાંથીએ ઘણા ઘેરથી માતાપિતાને પૂછ્યા વિના ભાગીને લગ્ન કરી લેશે. આવી ઘટનાઓ યુગોથી આપણે ત્યાં બનતી આવી છે. આ સ્વતંત્રતાના યુગમાં ઘરના વડિલોને પૂછ્યા વિના લગ્ન કરી લેવા એ સામાન્ય બનતું જાય છે. પરંતુ સાથે સાથે સમય અને યુગ બદલાતો જાય છે. જેને કારણે મોટેભાગે યુવતિઓ કોઈના સંકજામાં સરળતાથી આવતી જાય છે અને પછી ''ધી કેરલ સ્ટૉરી'' જેવી ઘટનાઓ બને છે. અગાઉના સમયમાં પણ ઘૂમટો તાણવાની પ્રથા હતી. ઘરના વડિલો ગોઠવે ત્યાં સંતાનો જોયા વિના લગ્ન કરતા હતા. અને આવા સમાજમાં સંયૂક્ત પરિવારો સુખેથી રહેતા હતા... પણ યુગ બદલાયો, હવા બદલાઈ... નીતિ રીતિ, પ્રથા, પરંપરા, કાયદા-કાનૂન... બધુ જ બદલાયું. વાણી, વર્તન, વ્યવહાર અને વિચારોમાં અને પછી સંસ્કારોમાં સ્વતંત્રતા આવી, સ્વચ્છંદતા આવી અને પછી ઉદંડતા આવી. સંયૂક્ત પરિવારો તૂટવા લાગ્યા, લગ્નો તૂટવા લાગ્યા... બધુ છિન્નભિન્ન થતું ગયું. બહું ઓછા લોકો જાણે છે કે યુગોથી હિંદુસ્તાનીઓ સાથે વિધર્મીઓ છળ-કપટ કરતા રહ્યા છે. અને આપણે સૌ અંદરોઅંદર એકબીજાને હરાવવા, પછાડવા લડતા રહીએ છીએ. આપણી સાથે આઝાદી પહેલા અને પછી પણ કાનૂની રીતે છેતરપીંડી કરીને સંસ્કૃતિ, સભ્યતા અને સંવેદનાને તોડવામાં જ આવી છે. છેલ્લા બે દશકથી આપણી નવી યુવાપેઢીને બરબાદ કરવાનું ષડયંત્ર વૈશ્વિક લેવલે થઈ રહ્યું છે. કેમ કે વિશ્વમાં સૌથી વધુ યુવાનો આપણા દેશમાં છે, જો આપણી યુવાપેઢીને જ ગેરમાર્ગે દોરવામાં આવે, એવી પરિસ્થિતિ સર્જવામાં આવે કે તેઓ કશું સકારાત્મક વિચારી શકે જ નહીં, આ યોજનામાં તેઓ સફળ પણ થઈ રહ્યા છે. એનો જ એક ભાગ લવજેહાદ છે. જેને આજની મૂર્ખ છોકરીઓ પ્રેમ સમજીને પોતાના માતાપિતાની પ્રતિષ્ઠાને, ધર્મને, સંસ્કારને ભૂલીને એક વિધર્મીને પોતાની જાતને સમર્પિત કરી દે છે. થોડા સમય પછી એવી મૂર્ખ છોકરીઓની લાશો અનેક કટકામાં કાં તો ફ્રીજમાંથી કાં તો સૂટકેશમાં કે કોઈ જંગલની ઝાડીઓમાંથી મળી આવે છે.

જે માતાપિતાએ પોતાને ૧૮/૨૦ વર્ષ સુધી ઉછેરીને મોટા કર્યા હોય, શરુઆતના ચાર પાંચ વર્ષ તો દિવસ રાત જાગીને બધી ઈચ્છાઓ પુરી કરી હોય. અનેક મધ્યમવર્ગના પિતાઓ એવા હશે કે જેઓએ પોતે ભુખ્યા રહીને, જુના કપડાથી ચલાવીને પોતાના સંતાનોના જન્મદિન ઉજવ્યા હશે ને વાર તહેવારે નવા કપડા લઈ દીધા હશે. બહાર ડબલ મહેનત કરીને પૈસા કમાઈને સ્કૂલ કૉલેજોની, ટ્યુશનોની ફી ભરીને ઉચ્ચ શિક્ષણ આપ્યું હશે એ જ સંતાનો મોટા થતા, શિક્ષિત થતા, ૧૮/૨૦ વરસના થતા જ થોડા દિવસો કે મહિનાના કોઈના પરિચયમાં આવતા એના વિશ્વાસે ઘરબાર,માતાપિતા બધુ છોડીને જતા રહીને લગ્ન કરી લે છે. આવા સંતાનો એ નથી વિચારતા કે જે છોકરો કે છોકરી ૨૦ વર્ષ સુધી ઉછેર કરનાર, સાથે રહેનાર પોતાના માતાપિતાને વફાદાર નથી એ પોતાને કેવી રીતે વફાદાર બનીને રહેશે? પૌરાણિક યુગમાં પણ કન્યાઓને યોગ્ય પાત્ર મળી રહે એ માટે સ્વયંબરો રચાતા હતા. રાજાની કુંવરી પોતે રાજકુંવરની પસંદગી કરી શકતી હતી. પણ એમાં માતાપિતાની સહમતિ હતી. યુગ ગમે તેટલા બદલાય, સંસ્કાર અને સભ્યતા બદલાતા નથી હોતા. એ શાશ્વત છે. તેથી દેશમાં થતા પ્રત્યેક લગ્નમાં—પ્રેમલગ્નમાં માતાપિતાની અનુમતિ અનિવાર્ય કરવી જોઈએ.... ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ વિચાર આવ્યો એ માટે તેઓ અભિનંદનને પાત્ર છે. અને જો આ કાયદો લાવ્યા તો આખાય ગુજરાતના લાખો માતાપિતાના આશીર્વાદ મળશે. પૂણ્ય મળશે. લાખો દીકરીઓના જીવન બરબાદ થતા અટકશે. અને ગુજરાતના અમલથી આખા દેશમાં આ કાયદાની ચર્ચાઓ થશે અને પછી એ સંવિધાનમાં કાયદો સ્વીકૃત થશે તો દેશની હજારો, લાખો દીકરીઓ જેહાદીઓથી બચશે.



ગુજરાતની પ્રજા આવા જ નિર્ણયો ઈચ્છે છે. આવા અનેક નિર્ણયો હજીએ દરેક વિભાગોમાં લેવાની જરૂર છે. જેનાથી આવતી પેઢીનું ભાવિ ઉજ્જ્વળ બને. રાષ્ટ્રીય કક્ષાએ માનનીય નરેંદ્ર મોદીજી આવા જ કામ કરી રહ્યા છે. જે કરોડૉ યુવાનોને, બહેનોને, ગરીબોને, વંચિતોને, ખેડુતોને અસરકર્તા છે. એવા કાર્યોને કારણે આજે ન.મો. વૈશ્વિકકક્ષાએ છવાયેલા છે. બે વખત વડાપ્રધાન બની શક્યા છે અને હજી ત્રીજીવાર ૩૨૪ સીટ સાથે પૂર્ણ બહુમતિથી દેશનું સુકાન સંભાળીને નવા નવા કઠિન નિર્ણયો કરવાના જ છે. ગુજરાતમાં પણ આવા ઘણા કાર્યો છે જે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરવા જેવા છે. જેઓએ દ્વારિકા અને બેટદ્વારિકાને વિધર્મીઓથી મૂક્ત કરીને આપણી સભ્યતા અને સંસ્કૃતિને બચાવી છે. એમ હવે જો ''પ્રેમલગ્નમાં માતાપિતાની અનુમતિ અનિવાર્ય'' કાયદો લાવે છે તો ૨૦૨૭માં ગુજરાતમાં હજીએ એકવાર ભાજપાની સરકાર બનશે એમાં કોઈ શક નથી. પણ બૉલ્ડ નિર્ણયો લેવા તો પડશે જ.... પણ નમોની જેમ વિરોધપક્ષનો કે નકારાત્મક વિરોધીઓની પરવા કર્યા વિના પ્રજાલક્ષી કાર્યોની અસર બહું મોટી પડે છે. ગુજરાતની પ્રજા ક્યારનીયે પરિવર્તન તો ઈચ્છે જ છે. જો આવા પરિવર્તનો મુખ્યમંત્રીશ્રી લાવશે તો પ્રજા પણ આવકારશે.

આજે પ્રેમલગ્નની સાચી વ્યાખ્યા જ ભૂલાઈ ગઈ છે. વૉટ્સપ ચેટિંગ કે પબજી-ફબજી જેવી ગેમ ખેલીને, કે સ્ટારમેકરમાં ગીતો ગાઈને કે વિડીઓ બનાવીને બંધાતા પ્રેમસંબંધો તો માત્ર મોહમાયા છે. આકર્ષણ હોય છે. જે વ્યક્તિ જન્મ આપનાર માતાનો ૧૮/૨૦/૨૨ વર્ષનો નિશ્વાર્થ પ્રેમ નથી સમજી શકતી એ ચેટિંગના ચિટિંગ પ્રેમને કેવી રીતે વફાદાર રહી શકે? પણ મોહ-માયા વ્યક્તિને અંધ બનાવી દે છે. અને ઉપરથી સોશિયલ મીડિયાની ભ્રામક સંસ્કૃતિની અસર ભલભલા યુવાનોને મોહ-માયામાં ફસાવી દે છે. આવા લગ્નોના પરિણામો બે ત્રણ વર્ષ પછી આવવા શરું થાય છે. પણ ત્યાં સુધીમાં એક આખો પરિવાર વેરવિખેર થઈ ગયો હોય છે.

ભૂપેંદ્રભાઈ પટેલ હિંદુસ્તાનની સંસ્કૃતિ અને સભ્યતાને બચાવવા ઈચ્છે છે. ગુજરાતની ઘણી દીકરીઓને નર્કમાં જતા રોકવા ઈચ્છે છે. શક્ય છે આ નિર્ણય ઘણાયે શિક્ષિત અને ખુલ્લા વિચારોવાળા બુદ્ધિજીવિઓને નહીં ગમે, પણ આવી વ્યક્તિઓએ એકવાર પોતાના ઘરની દીકરી વિધર્મી સાથે કહ્યા વિના ભાગી જાય એની કલ્પના કરી જો જો... અને જો વિધર્મી નથી, અન્ય કોઈ જ્ઞાતિનું પાત્ર છે અને શિક્ષિત છે. સંસ્કારી છે તો કોઈપણ માતા પિતા ના નહીં પાડે. ભાગી જવાની જરૂર જ નથી. દરેક યુવાનોએ આ વાત સમજવી પણ જરૂરી છે. જો તમારો પ્રેમ સાચો છે તો ભાગવાની જરૂર જ નથી. પરિવાર, સમાજ સામે તમારા સાચા પ્રેમને પારિવારિક અને સામાજિક મર્યાદામાં રહીને સાબિત કરો, દુનિયાના તમામ માતાપિતા ઈચ્છતા હોય છે કે પોતાના સંતાનો સુખી થાય. તમારો પ્રેમ ઘરમાં જાહેર કરીને, ધીરજ રાખીને મનાવશો તો માતાપિતા જરૂર માનશે. કેમ કે લગ્નજીવનનો દરેક માતાપિતાને ૧૮/૨૦ વર્ષનો અનુભવ હોય છે. અને અનુભવનું જ્ઞાન દુનિયાની કોઈપણ ડિગ્રી કરતા શ્રેષ્ઠ હોય છે. આ નવી દુનિયાના ઉપકરણો, એઆઈ, ગુગલ, ચેટજીપીટી તમને દુનિયાભરની માહિતી અને નવી દુનિયાનું ભવિષ્ય ચોક્કસ બતાવી શકશે પણ વાસ્તવિક જીવન જીવવા માટેની સાચી સમજણ, સંસ્કાર અને સભ્યતા તો માતાપિતા અને ઘરના વડિલો પાસેથી જ મળશે. અને જે વૃક્ષના મૂળ એના જડમાંથી છૂટી જાય છે એ વૃક્ષ બહું જલદીથી જમીનદોસ્ત થઈ જાય છે. આજે હિન્દુસ્તાનના પ્રત્યેક યુવાનોના મૂળ જડમાંથી નબળા પડી રહ્યા છે. આવા કાયદાઓ એ જડને વધુ મજબૂત કરશે. ગુજરાતની પ્રજાએ માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રેમલગ્નોમાં માતાપિતાની સહમતિની અનિવાર્યતા સ્વીકારવી જોઈએ. એવું મારું સાર્વજનિક રીતે માનવું છે. આપ શું માનો છો?